# શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન,પેટલાદ

## વર્ષ: 2022 - 2023

## વાર્ષિક અહેવાલ



# અનુક્રમણિકા


| ક્રમ નં. | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | સંસ્થા પરિચય | ૩ |
| ૨. | પ્રવેશોત્સવ કાર્યક્રમ | ૫ |
| ૩. | લોકસાહિત્ય કાર્યક્રમ | ૫ |
| ૪. | ગુરુપૂર્ણિમા દીન ઉજવણી | ૬ |
| ૫. | શૈક્ષણિક વ્યાખ્યાન | ૭ |
| ૬. | વ્યાખ્યાન આયોજન | ૮ |
| ૭. | દેશભક્તિ ગીત ગુંજન કાર્યક્રમ | ૯ |
| ૮. | પુસ્તકાલય મુલાકાત | ૧૦ |
| ૯. | કોલેજનું ગૌરવ | ૧૧ |
| ૧૦. | કોલેજનું ગૌરવ | ૧૨ |
| ૧૧. | નગરયાત્રા આયોજન | ૧૨ |
| ૧૨. | પોસ્ટર મેકિંગ સ્પર્ધા | ૧૩ |
| ૧૩. | સ્વાતંત્ર્ય દિન ઉજવણી | ૧૪ |
| ૧૪. | પુસ્તક પ્રદર્શન | ૧૫ |
| ૧૫. | શિક્ષક દિન કાર્યક્રમ | ૧૬ |
| ૧૬. | કોલેજનું ગૌરવ | ૧૭ |
| ૧૭. | હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ | ૧૮ |
| ૧૮. | ક્લાયમેટ ચેન્જ વિભાગ દ્વારા સ્પર્ધા | ૧૯ |
| ૧૯. | નવરાત્રી મહોત્સવ | ૨૦ |
| ૨૦. | સ્મૃતિ વ્યાખ્યાન | ૨૧ |
| ૨૧. | ગાંધીજી સ્મૃતિ ક્વીઝ સ્પર્ધા | ૨૩ |
| ૨૨. | સરદાર વલ્લભભાઈ પટેલ સ્મૃતિ ક્વિઝ | ૨૩ |
| ૨૩. | ઇનોવેશન ક્લબ પ્રબોધ તાલીમ | ૨૪ |
| ૨૪. | મતદાર જાગૃતિ કાર્યક્રમ | ૨૫ |
| ૨૫. | ગીતા જયંતીની ઉજવણી | ૨૬ |

| | | |
|---|---|---|
| ૨૬. | શૈક્ષણિક પ્રવાસ | ૨૭ |
| ૨૭. | કોલેજનું ગૌરવ | ૨૮ |
| ૨૮. | પતંગોત્સવ કાર્યક્રમ | ૨૮ |
| ૨૯. | શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા | ૨૯ |
| ૩૦. | રંગોળી સ્પર્ધા | ૩૦ |
| ૩૧. | 26 મી જાન્યુઆરીની ઉજવણી | ૩૧ |
| ૩૨. | દેશભક્તિ ગીત સ્પર્ધા | ૩૨ |
| ૩૩. | શુભેચ્છા મુલાકાત | ૩૨ |
| ૩૪. | ઇનોવેશન ક્લબ-પ્રવૃત્તિ | ૩૩ |
| ૩૫. | સંસ્કૃતિક કાર્યક્રમ | ૩૪ |
| ૩૬. | G 20 અંતર્ગત કાર્યક્રમ | ૩૫ |
| ૩૭. | ઇનોવેશન ક્લબ-પ્રવૃત્તિ | ૩૬ |
| ૩૮. | વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત-પ્રવૃત્તિ | ૩૭ |
| ૩૯. | માનસિક સ્વાસ્થ્ય જનજાગૃતિ કાર્યક્રમ | ૩૮ |
| ૪૦. | મૌન રેલી | ૩૯ |
| ૪૧. | વિવિધ દિવસોની ઉજવણી | ૪૦ |
| ૪૨. | TLM વર્કશોપ | ૪૦ |
| ૪૩. | રમત ગમત મહોત્સવ | ૪૧ |
| ૪૪. | G 20 કાર્યક્રમ | ૪૨ |
| ૪૫. | કોલાજ સ્પર્ધા | ૪૨ |
| ૪૬. | સંસ્થા મુલાકાત | ૪૩ |
| ૪૭. | વિશ્વ ચકલી દિવસ નિમિત્તે વ્યાખ્યાન | ૪૩ |
| ૪૮. | આંતર કોલેજ  લઘુનાટક સ્પર્ધા | ૪૪ |
| ૪૯. | ચિત્ર સ્પર્ધા | ૪૬ |
| ૫૦. | ફર્સ્ટ એડ તાલીમ | ૪૭ |
| ૫૧. | બી.એડ્. કોલેજનું ગૌરવ | ૪૮ |
| ૫૨. | Y 20 ગુજરાત સંવાદ કાર્યક્રમ | ૪૮ |

## સંસ્થા પરિચય

પ્રહલાદપુરી, પંપાપુરીના પ્રાચીન અને પવિત્ર નામથી પ્રસિદ્ધ એવા ગાયકવાડી રાજ્યમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કરનારી તેમજ ઉદ્યોગ ધંધાર્થીએ જુના વડોદરા રાજ્યનું માન્ચેસ્ટર અને વિદ્યાક્ષેત્રે ગુજરાતનું કાશી ગણાતી પેટલાદનગરીનું ઐતિહાસિક તેમજ સંસ્કાર ક્ષેત્રે ઘણું મહત્વનું સ્થાન રહ્યું છે. એવી આ પાવન  તપોભૂમિમાં પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.એડ કોલેજ પેટલાદે વર્ષ 1970થી જ્ઞાનયજ્ઞ આદર્યો.જેમાં સંસ્થાના આદ્યસ્થાપક અને પ્રમુખ રાજમિત્ર દાતાર સ્વ.રમણલાલ કેશવલાલ પરીખે તેના શ્રીગણેશ કર્યા અને તેમના સ્વર્ગાગમન બાદ સંસ્થાના પૂર્વપ્રમુખ સૌજન્યમૂર્તિ શેઠશ્રી સ્વ.અમૃતલાલ રમણલાલ પરીખે  તેની ધૂરા સંભાળી તે દરમિયાન વર્ષ 1996માં આ કોલેજને ચરોતરના ભામાશા એવા સ્વ. શ્રી ઇન્દુભાઇ પટેલનો સહયોગ સાંપડ્યો તેમના ધર્મપત્ની શારદાબેનના સંભારણામાં શ્રીમતી શારદાબેન ઈન્દુભાઈ પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન નામથી આ સંસ્થાનું નવું નામાધિકરણ થયું. આ સંસ્થા તાલીમાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહી છે. ઉચ્ચ શિક્ષણની આ પુનિત વિકાસયાત્રા   , વિકાસ ગાથામાં IITE સંગાથે આ રચનાત્મક કાર્ય પ્રગતિના પંથે આગળ વધી રહી છે.


સ્વ.રમણલાલ પરીખ


સ્વ.અમૃતલાલ પરીખ


સ્વ.ઇન્દુભાઇ પટેલ

## શ્રીમતી એસ.આઈ. પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન પરિવાર

### કાર્યકારી આચાર્ય

**ડૉ.નયનાબેન શુક્લ**

### સંસ્થા પરિવાર

**ડૉ. યોગેશભાઈ આર.પરમાર**

**ડૉ.પુરુષોત્તમભાઈ શાહ**

**ડૉ.કામેન્દુભાઈ ઠાકર**

**ડૉ.દિપીકાબેન ચૌધરી**

**ડૉ.મયંકભાઈ પટેલ**

**ડૉ.શ્વેતાબેન ચૌહાણ**

**ડૉ.રોશનીબેન દેસાઈ**

**શ્રી રાકેશભાઈ ભટ્ટ-ગ્રંથપાલ**

**શ્રી ચેતનભાઇ શાહ-ક્લાર્ક**

**શ્રીમતી નિધીબેન વૈદ્ય-ક્લાર્ક**

**શ્રી બ્રિજેશભાઈ સોલંકી-સેવક ભાઈ**

## પ્રવેશોત્સવ કાર્યક્રમ

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશનમાં તારીખ: ૦૧/૦૭/૨૨ને શુક્રવારના રોજ પ્રવેશ મેળવનાર નવ આગંતુક પ્રશિક્ષણાર્થીઓનો પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રશિક્ષણાર્થીઓએ પ્રાર્થનાથી કરી હતી. શાબ્દિક સ્વાગત સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું. સંસ્થા પરિવારનો પરિચય અધ્યાપક ડૉ. કામેન્દુ ઠાકર સાહેબ દ્વારા આપવામાં આવ્યો હતો. સંસ્થામાં નવનિયુક્ત અધ્યાપિકા ડો.રોશનીબેન દેસાઈનું પુષ્પગુચ્છથી સ્વાગત કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું. ચાલુ વર્ષે પ્રવેશ મેળવનાર સૌ પ્રશિક્ષણાર્થીઓનુ કુમકુમ તિલક કરી પુષ્પ અને ભેટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રશિક્ષણાર્થીઓની સાથે સ્ટાફના સૌ સભ્યોએ પણ સરસ્વતિ પૂજન કર્યું હતું. કાર્યક્રમના અંતે આભાર દર્શન અધ્યાપક ડૉ. મયંકભાઈ પટેલ સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અધ્યાપક ડૉ. કામેન્દુ ઠાકર સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું.






## લોકસાહિત્ય કાર્યક્રમ

સંસ્થા દ્વારા તારીખ: 12/07/2022ને મંગળ વારના રોજ લોકસાહિત્ય કાર્યક્રમ યોજાયો.આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે લોક કલાકાર શ્રી રાજુભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનશ્રી નો શાબ્દિક પરિચય અધ્યાપક ડૉ.કામેન્દુ ઠાકર સાહેબે આપ્યો હતો. શ્રી રાજુભાઈ સોલંકી સાહેબે વિવિધ સાંસ્કૃતિક લોક વાર્તાઓ રમુજ રીતે રજૂ કરી પ્રશિક્ષણાર્થીઓને લોકસાહિત્યનું

સમાજમાં  સ્થાન સમજાવ્યું. આ કાર્યક્રમમાં  કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ                ,
અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અધ્યાપક  ડૉ.કામેન્દુ ઠાકર સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું.





ગુરુપૂર્ણિમા દીન ઉજવણી

સંસ્થા દ્વારા તારીખ: 13/07/2022ને બુધ વારના રોજ ગુરુપૂર્ણિમા  દીનની  ઉજવણી કરવામાં આવી હતી.કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદનાથી કરવામાં આવી હતી. સંસ્થાના કાર્યકારી  આચાર્યશ્રી ડો. નયનાબેન શુક્લએ ગુરુપૂર્ણિમા નિમિત્તે પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું .ગુરુનું જીવનમાં સ્થાન અને મહત્વ અંગે સૌને સમજ આપી હતી. પ્રશિક્ષણાર્થીઓ દ્વારા સૌ અધ્યાપકશ્રીઓનું તિલક કરી પુષ્પગુચ્છ અને મીઠાઈ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રશિક્ષણાર્થીઓએ ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુની મહિમા અંગે વક્તવ્ય અને ગીત રજૂ કર્યું હતું.અધ્યાપકશ્રીઓએ સૌ પ્રશિક્ષણાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.આજના દિન નિમિત્તે સંસ્થામાં સત્યનારાયણ દેવની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમની આભારવિધિ અધ્યાપિકા ડો.દીપિકાબેન ચૌધરી દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં  કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમનુ સફળ સંચાલન અધ્યાપિકા ડો.રોશનીબેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.






## શૈક્ષણિક વ્યાખ્યાન

સંસ્થા દ્વારા  તારીખ: ૨૩/૦૭/૨૨ને શનિવારના રોજ વુમન ડેવલપમેન્ટ સેલ  અંતર્ગત    " હમ ભારત કી નારી હૈ, ફુલ નહીં ચિનગારી હૈ" વિષય પર તજજ્ઞશ્રીના વ્યાખ્યાનનું આયોજન  કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા તરીકે  સુશ્રી હિરલબેન ઠાકર ( ચીફ ઓફિસર ,અમદાવાદ ઝોન પ્રા. કમિશ્નર કચેરી ) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રશિક્ષણાર્થીઓએ પ્રાર્થનાથી કરી હતી.મહેમાનશ્રીનું શાબ્દિક સ્વાગત સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું. મહેમાનશ્રીનો પરિચય અધ્યાપિકા ડૉ.શ્વેતાબેન ચૌહાણ દ્વારા આપવામાં આવ્યો હતો. મહેમાનશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કાર્યકારી આચાર્યશ્રી  ડૉ.નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પ્રશિક્ષણાર્થી બહેનો દ્વારા સ્ત્રી સશક્તિકરણ અંગેનું સુંદર અભિનય ગીત રજૂ કરવામાં આવ્યું હતું. હિરલ ઠાકર મેડમે પોતાની આગવી શૈલીમાં ખૂબ જ તલસ્પર્શી ઊંડાણપૂર્વક તજજ્ઞ વ્યાખ્યાન આપી સર્વેને લાભાન્વિત કર્યા હતા.  હિરલબેનને સ્મૃતિભેટ પ્રશિક્ષણાર્થી શિવાંગીબેન  ચૌધરી દ્વારા અર્પણ કરવામાં આવી.કાર્યક્રમના અંતે આભાર દર્શન પ્રશિક્ષણાર્થી

હેતલબેન ગોસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, નયનાબેન પટેલ, તારાલક્ષ્મી મહિલા પુસ્તકાલયની બહેનો, અરુણાબેન પાઠક, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ-બહેનો સાથે નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રશિક્ષણાર્થી બહેનો રિયાબેન પરમાર અને ધરતીબેન પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.






## વ્યાખ્યાન આયોજન

સંસ્થા દ્વારા તારીખ:૩૦/૭/૨૦૨૨ ને શનિવારના રોજ આઝાદીનો અમૃત મહોત્સવ તથા પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ ના ૭૫ વર્ષની ઊજવણી અંતર્ગત"ધુમ્રપાન નિષેધ અને આત્મહત્યા નિવારણ" વિષય પર તજજ્ઞશ્રીના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા તરીકે ડૉ.ગુલાબચંદ પટેલ, અધ્યક્ષ,મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થાન, ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રશિક્ષણાર્થી ધરતીબહેને શક્તિ સ્વરૂપ માતૃવંદનાથી કરી

હતી. મહેમાનશ્રીનું શાબ્દિક સ્વાગત સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું. મહેમાનશ્રીનો પરિચય અધ્યાપક ડૉ.કામેન્દુ ઠાકર સાહેબ દ્વારા આપવામાં આવ્યો હતો. મહેમાનશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કાર્યકારી આચાર્યશ્રી  ડૉ.નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું. ડૉ.ગુલાબચંદ પટેલ સાહેબે પોતાની આગવી શૈલીમાં ખૂબ જ તલસ્પર્શી ઊંડાણપૂર્વક તજજ્ઞ વ્યાખ્યાન આપી સર્વેને લાભાન્વિત કર્યા. હાજર રહેલ સૌને જીવનપર્યંત વ્યસનમુકત રહીને દ્રઢ મનોબળ કેળવવા માટેનો સુંદર માર્ગ બતાવ્યો. સ્મૃતિ ભેટ   પ્રશિક્ષણાર્થી   વિશાલભાઈ ભૂરા દ્વારા અર્પણ કરવામાં આવી. કાર્યક્રમના અંતે આભાર દર્શન અધ્યાપક ડૉ. મયંકભાઈ પટેલ સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં શ્રી રાઘવજીભાઈ યાદવ    , શ્રી મહેન્દ્રભાઈ ચૌહાણ , શ્રીમતી નિકિતાબેન પટેલ, શ્રી ભરતભાઈ પટેલ, કાર્યકારી આચાર્યશ્રી  ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રશિક્ષણાર્થી ધરતીબેન   પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.






દેશભક્તિ ગીત ગુંજન કાર્યક્રમ

સંસ્થા દ્વારા તારીખ: 02/08/2022 ને મંગળવારના રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે દેશભક્તિ ગીત ગુંજન કાર્યક્રમનું  આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં સૌ પ્રશિક્ષણાર્થી ભાઈ બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.આ કાર્યક્રમમાં કાર્યકરી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુકલ,અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ- બહેનો ઉપસ્થિત રહ્યા હતા.




પુસ્તકાલય મુલાકાત

સંસ્થા દ્વારા  તારીખ:૫/૮/૨૨ને શુક્રવારના રોજ  પેટલાદ નગરના ગૌરવસમા પરીખ ચંદુલાલ કેશવલાલ સાર્વજનિક  પુસ્તકાલયની મુલાકાત કરવામાં આવી હતી.નગરનું આ પુસ્તકાલય આજે ૧૫૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યું છે. પુસ્તકાલય દ્વારા આ  ઊજવણી નિમિત્તે વિવિધ દેશોના રાષ્ટ્રધ્વજનું પ્રદર્શન તથા પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ અને સૌ પ્રશિક્ષણાર્થીઓએ  પુસ્તકાલયની મુલાકાત લઈ પ્રદર્શન નિહાળ્યું હતું અને આ પુસ્તકાલય દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓથી  માહિતગાર થયા હતા.






કોલેજનું ગૌરવ

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ કોમર્સમાં તારીખ:08/08/2022 ને સોમવારના રોજ પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટના 75 માં વર્ષની પૂર્ણાહુતિ અને આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે આંતર કોલેજ દેશભક્તિ ગીત હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશનના અધ્યાપક ડૉ. કામેંદુ ઠાકર સાહેબના માર્ગદર્શન હેઠળ પ્રશિક્ષણાર્થીઓએ ભાગ લીધો હતો. આ હરીફાઈમાં સંસ્થાના પ્રશિક્ષણાર્થીઓ વિજેતા બન્યા હતા. જેમાં પ્રથમ નંબરે મેકવાન રોનીલ પ્રકાશભાઈ, દ્વિતીય નંબરે પરમાર જીનલ રસિકભાઈ અને તૃતીય નંબરે સોલંકી રજનીકાંત સુરેશભાઈ આવ્યા હતા. સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ , અધ્યાપકશ્રીઓ અને પ્રશિક્ષણાર્થીઓએ વિજેતા ભાઈ બહેનોને શુભેચ્છાઓ પાઠવી હતી.


કોલેજનું ગૌરવ

શ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત ઇન્દિરા નટવરલાલ શાહ શિક્ષણ અનુસ્નાતક ભવન, શ્રીમતી બી.સી.જે.કોલેજ ઓફ એજ્યુકેશન-એમ.એડ્. , ખંભાત દ્વારા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે આણંદ જિલ્લાની બી.એડ્. કોલેજો તથા એમ.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ માટે" વર્તમાન સમયમાં આઝાદીની સાર્થકતા " જેવા સુંદર વિષય ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.આણંદ જિલ્લાની આ આંતર કોલેજ નિબંધ સ્પર્ધામાં શ્રીમતી એસ.આઈ.પટેલ ઇપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન ,પેટલાદના પ્રશિક્ષણાર્થી કુ.રિયાબેન વિનોદભાઈ પરમાર દ્વિતીય સ્થાને વિજેતા બનેલ છે. તેમની આ સિદ્ધિ બદલ સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ , અધ્યાપકશ્રીઓ તથા સૌ પ્રશિક્ષણાર્થી ભાઈ-બહેનોએ અભિનંદન પાઠવ્યા છે.

નગરયાત્રા આયોજન

સંસ્થા દ્વારા તારીખ:12/08/2022 ને શુક્રવારના રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે હર ઘર તિરંગાની ઉજવણીમાં સૌ નગરવાસીઓ સામેલ થાય તે માટેની જનજાગૃતિ કેળવવાના ભાગરૂપે સંસ્થાના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા રાષ્ટ્રધ્વજ સાથે વંદે માતરમ અને ભારતમાતાકી જયના નારા સાથેની નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે ૩.૪૦ વાગે નીકળેલી આ રેલી કોલેજ કેમ્પસમાંથી નીકળી કોલેજ ચોકડી , રણછોડજી મંદિર, ચાવડી બજાર, સરદારચોક, ટાઉનહોલ થી રણછોડજી મંદિર પહોંચી સૌ પ્રશિક્ષણાર્થીઓ પોતાના ઘર પર રાષ્ટ્રધ્વજ ફરકાવવાના સંકલ્પ

સાથે રેલીનું વિસર્જન કરવામાં આવ્યું હતું. રેલીમાં સામેલ તમામ  પ્રશિક્ષણાર્થીઓ  તથા અધ્યાપકોને  રાષ્ટ્રધ્વજ આપવાનો સહયોગ જિલ્લા ભાજપ મંત્રી      ,    નયનાબેન પટેલ દ્વારા આપવામાં આવ્યો હતો. આ  ઉપરાંત પેટલાદ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી ગીતાબેન પટેલ    , સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કેતનભાઇ ગાંધી  , શ્રી મયુરભાઈ દવે સાથે અન્ય નગરજનો સાથે સંસ્થાના કાર્યકરી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ અને સૌ પ્રશિક્ષણાર્થીઓ જોડાયા હતા.





પોસ્ટર મેકિંગ સ્પર્ધા

સંસ્થા દ્વારા  તારીખ:13/08/2022ને શનિવારના રોજ આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે પોસ્ટર મેકિંગ  સ્પર્ધાનું  આયોજન કરવામાં આવ્યું હતું.આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા સંસ્થાના અધ્યાપકશ્રીઓ ડૉ.કામેંદુ ઠાકર તથા ડૉ.રોશની દેસાઈએ ભજવી હતી.જેમાં  પ્રથમ નંબરે પ્રકાશ બી.ઠાકોર, બીજા નંબરે તૃપ્તિ એ.ચૌધરી, ત્રીજા નંબરે કાજલ એ.બારૈયા, ચોથા નંબરે કૃપાલી આર.પટેલ ,પાંચમા નંબરે  દિપ્તાંગી ડી. પ્રજાપતિ આવ્યા હતા. સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ ,  અધ્યાપકશ્રીઓ અને પ્રશિક્ષણાર્થીઓએ  વિજેતા ભાઈ બહેનોને શુભેચ્છાઓ પાઠવી હતી.





સ્વાતંત્ર્ય દિન ઉજવણી

આઝાદીના અમૃત મહોત્સવ ની ઉજવણી દરમ્યાન તારીખ: ૧૫/૮/૨૨ ને સોમવારના રોજ કોલેજ કેમ્પસમાં ૭૬માં સ્વાતંત્ર્યદિને ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ત્રણે કોલેજો દ્વારા સંયુક્ત રીતે યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં પેટલાદ કોમર્સ કોલેજમાં સેવા નિવૃત્ત થઈ રહેલા ત્રણ કર્મચારીઓ શ્રી ઉપેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ , શ્રી કનુભાઈ રબારી અને શ્રી જયંતીભાઈ તડવીના વરદહસ્તે ધ્વજવંદન વિધિ કરવામાં આવી હતી.જેમાં સંસ્થાના કાર્યકરી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ અને પ્રશિક્ષણાર્થીઓ જોડાયા હતા.







પુસ્તક પ્રદર્શન

સંસ્થા દ્વારા તારીખ: 29/08/22ને સોમવારના રોજ સંસ્થાના  પુસ્તકાલયમાં ગ્રંથપાલ શ્રી રાકેશભાઈ ભટ્ટ દ્વારા પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા અંગેના પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.જેમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ,અધ્યાપકશ્રીઓ અને સૌ પ્રશિક્ષણાર્થીઓએ  પુસ્તકાલયની મુલાકાત લઈ પ્રદર્શન નિહાળ્યું હતું.




## શિક્ષક દિન કાર્યક્રમ

સંસ્થા દ્વારા તારીખ: 05/09/2022ને સોમવારના રોજ ડો .સર્વપલ્લી રાધાકૃષ્ણનજીની જન્મ જયંતી નિમિત્તે શિક્ષક દિન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું . કાર્યક્રમની શરૂઆત પ્રશિક્ષણાર્થી બહેનો દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી . કાર્યક્રમમાં ઉપસ્થિત કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુકલ તથા અધ્યાપકશ્રીઓનું પુષ્પગુચ્છ અર્પી સ્વાગત કરવામાં આવ્યું. પ્રશિક્ષણાર્થી વિશાલભાઈએ શિક્ષક કેવો હોવો જોઈએ તે વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા . પ્રશિક્ષણાર્થી રોનિલ ભાઈ તથા જયેશભાઈએ ગીત રજૂ કર્યું . આજના દિવસે જે પ્રશિક્ષણાર્થીઓએ શિક્ષક તરીકેની ભૂમિકા ભજવી તેમણે આ દિન અંગે પોતાનો અભિપ્રાય આપ્યા .પ્રશિક્ષણાર્થી અમિતભાઈ અને તેમની ટીમે સંવાદ નાટિકા રજૂ કરી હતી. સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુકલ તથા અધ્યાપકશ્રી ડૉ.પી.ડી.શાહ સાહેબે શિક્ષક દિન નિમિતે પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું.કાર્યક્રમના અંતે પ્રશિક્ષણાર્થી કૃપાલીબેન પટેલે આભાર વિધિ કરી હતી .આ કાર્યક્રમનું સફળ સંચાલન પ્રશિક્ષણાર્થી બેનઝીર શેખ અને શિવાંગી ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.







કોલેજનું ગૌરવ

સંસ્થા દ્વારા તારીખ: 17/09/2022 ને શનિવારના રોજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસ નિમિત્તે યુવાઓમાં રહેલી કળાનો વિકાસ થાય તે હેતુથી ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના માધ્યમથી રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સંસ્થાના પ્રશિક્ષણાર્થી પરમાર હીનાબેન પ્રતાપભાઈ દ્વિતીય સ્થાને વિજેતા બનેલ છે. તેમની આ સિદ્ધિ બદલ સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ બહેનોએ શુભેચ્છાઓ પાઠવી છે.



હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ

સંસ્થા દ્વારા તારીખ: 21/09/2022 બુધવારના રોજ વુમન  ડેવલપમેન્ટ સેલ અંતર્ગત ગુજરાત સરકાર ડોક્ટર સેલ દ્વારા આણંદ જિલ્લા ભાજપ પ્રભારી ડૉ. રાજુભાઈ કે. ત્રિવેદી સાહેબની અધ્યક્ષતામાં હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પેટલાદના ડૉ.જીગરભાઈ જોશી સાહેબ, પેટલાદ નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, પેટલાદ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ અલકાબેન કાછિયા, પેટલાદ ભાજપ મહિલા મોરચા મહામંત્રી જયશ્રીબેન ત્રિવેદી,સંસ્થાના  કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ,અધ્યાપકશ્રીઓ, પ્રશિક્ષણાર્થીઓ તથા આર.કે. પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,પેટલાદની બહેનો પણ હિમોગ્લોબીન ચેકઅપ માટે હાજર રહી હતી.





ક્લાયમેટ ચેન્જ વિભાગ દ્વારા સ્પર્ધા

સંસ્થા દ્વારા ક્લાયમેટ ચેન્જ વિભાગ,ગુજરાત રાજ્ય દ્વારા જાહેર કરવામાં આવેલ વિવિધ સ્પર્ધાઓ અનુસંધાનમાં અમારી સંસ્થામાં તારીખ: 26/09/2022 થી 30/09/2022 દરમિયાન નિબંધ સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા ,સ્લોગન સ્પર્ધા, જૂથ ચર્ચા ,તેમજ ડિજિટલ આર્ટ પોસ્ટર જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દરેક સ્પર્ધાઓનો વિષય ક્લાયમેટ ચેન્જિંગ અનુસંધાનમાં હતો જેનું સફળ સંચાલન કોઓર્ડીનેટર ડો. રોશનીબેન દેસાઈએ કરેલ હતું . સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ તથા અધ્યાપકશ્રીઓએ વિજેતાઓને શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવ્યા હતા.






# નવરાત્રી મહોત્સવ

સંસ્થા દ્વારા તારીખ: 01/10/2022ને શનિવારના રોજ આદ્યશક્તિ માં અંબાંની આરાધનાને લઇ કાર્યકારી આચાર્યશ્રી ડો.નયનાબેન ટી.શુક્લના માર્ગદર્શન હેઠળ ડો.કામેન્દુ ઠાકરની આગેવાની તેમજ સમગ્ર સ્ટાફના સહયોગથી તાલીમાર્થીઓ માટે નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે વિશ્વા શાહ એ ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રશિક્ષણાર્થી બહેનો અને સમગ્ર સ્ટાફ મિત્રો દ્વારા આરતી કરવામાં આવી હતી. અને આ કાર્યક્રમ માં તાલીમાર્થીઓ ને પ્રોત્સાહન ઇનામ માટેનો સહયોગ ગુરુકૃપા જ્વેલર્સ, ભાવેશભાઈ જી.સોની તેમજ આશીર્વાદ ગિફ્ટ આર્ટિકલ, ગૌરાંગભાઈ કંસારા દ્વારા પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમના અંતમાં તાલીમાર્થીઓ નંબર મેળવ્યા હતા. પ્રથમ રાઠોડ જયદીપ સિંહ અને દ્વિતીય નિખિલ બારીયા (ભાઈઓમાં બેસ્ટ એક્શન અને ડ્રેસ) બહેનોમાં પ્રથમ ચૌહાણ નિશાબેન પ્રદીપ કુમાર , દ્વિતીય હીનાબેન પરમાર અને તૃતીય જલ્પાબેન દિપકભાઈ વ્યાસ નંબર પ્રાપ્ત કર્યો હતો.આ તમામ તાલીમાર્થી ઓ ને સંસ્થા ના આચાર્યા શ્રીમતી નયનાબેન ટી શુક્લ,ડો.દિપીકાબેન ચોધરી ,ડો.પી. ડી.શાહ,ડૉ.શ્વેતાબેન ચૌહાણ તેમજ ડો. કામેન્દુ ઠાકરના હસ્તે ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું.ઉપરાંત મયુરભાઈ હસમુખભાઈ દવે સાહેબ તરફ થી તમામ તાલીમાર્થી બહેનો અને સ્ટાફ મિત્રો ને દિવી ની ભેટ આપવામાં આવી હતી અને હાજર તમામ માટે અલ્પાહાર કરવામાં આવ્યો હતો.અંતે કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના આચાર્યબેનશ્રીએ સર્વે સ્ટાફ તેમજ તાલીમાર્થીઓનો આભાર માન્યો હતો.



## સ્મૃતિ વ્યાખ્યાન

સંસ્થા દ્વારા સુવર્ણ જયંતિ વર્ષ ની ઊજવણી નિમિત્તે તારીખ: 08/10/2022ને શનિવારના રોજ સ્વ.પ્રો. જે.જી.ચૌહાણ સ્મૃતિ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાનનો વિષય હતો ''India to ભારત''. સમારંભના અધ્યક્ષ તરીકે શ્રીમતી જયશ્રીબેન દવે (પૂર્વ આચાર્ય, આઈ.પી.મિશન ગર્લ્સ હાઈસ્કુલ,આણંદ) ઉપસ્થિત રહ્યા હતા.આ વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા તરીકે શ્રી હરેશભાઈ શાણી(પ્રમુખ- દિવ્યકરૂણા ચેરીટેબલ ટ્રસ્ટ- उत्तिष्ठ भारत A GLOBAL LEADER,વલ્લભ વિદ્યાનગર) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત અધ્યાપક ડૉ.કામેન્દુ ઠાકર સાહેબ અને પ્રશિક્ષણાર્થી બહેનોએ પ્રાર્થનાથી કરી હતી. મહેમાનશ્રીનું શાબ્દિક સ્વાગત સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું. મહેમાનશ્રીનો પરિચય અધ્યાપિકા ડૉ.શ્વેતાબેન ચૌહાણ દ્વારા આપવામાં આવ્યો હતો. મહેમાનશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ તથા ડૉ.કામેન્દુ ઠાકર સાહેબ દ્વારા કરવામાં આવ્યું. પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ શ્રી વ્રજેશભાઈ પરીખ સાહેબ, ટ્રસ્ટી શ્રી દેવાંગભાઈ પટેલ સાહેબ તથા વ્યવસ્થાપક સમિતિના અધ્યક્ષશ્રી પ્રો.ડૉ.મહેશચંદ્ર યાજ્ઞિક સાહેબે આ પ્રસંગે શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. સંસ્થાના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ હસ્ત લિખિત અંક "નારી શક્તિ" નું વિમોચન અધ્યક્ષશ્રી જયશ્રીબેન દવે દ્વારા કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં શ્રી હરેશભાઈ શાણી સાહેબે પોતાની આગવી શૈલીમાં આપણા જુના પુરાણા સંસ્કારો વિજ્ઞાન સાથે સંકળાયેલા જ છે અને એ જ સાચા હતા.આપણે જરૂર છે માત્ર દેખાદેખી અને આંધળા અનુકરણને છોડીને આપણું અપનાવી કુદરત તરફ પાછા વળવાની.સમગ્ર વક્તવ્ય દરમ્યાન તલસ્પર્શી ઊંડાણપૂર્વક સમજ આપી સર્વેને લાભાન્વિત કર્યા હતા. સમારંભના અધ્યક્ષ શ્રીમતી જયશ્રીબેન દવેને ડૉ.નયનાબેન શુક્લ

દ્વારા સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી. મુખ્ય વક્તા શ્રી હરેશભાઈ શાણી સાહેબને ડૉ.પી.ડી.શાહ સાહેબ દ્વારા શાલ ઓઢાડી સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી. કાર્યક્રમના અંતે  આભાર દર્શન અધ્યાપક ડૉ. કામેન્દુ ઠાકર સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનોમાં પેટલાદ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી ગીતાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને પૂર્વ તાલીમાર્થી મંડળના પ્રમુખ શ્રી કેતનભાઈ ગાંધી, જીલ્લા ભાજપ મંત્રીશ્રી ધર્મેન્દ્રભાઈ મિસ્ત્રી (ભૂરાભાઈ), સંસ્થાની વ્યવસ્થાપન સમિતિના સભ્ય તથા  પેટલાદ તાલુકા ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ પટેલ, શ્રી વીનોદભાઈ ભાટીયા, શ્રી રિક્કીન ભાઈ જૈન, શ્રી મયુરભાઈ દવે સહિત સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.શ્વેતાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.ઉદઘોષક તરીકેની ભૂમિકા પ્રશિક્ષણાર્થી બહેનો કુ. કલ્પિતા બારૈયા અને કુ.તૃપ્તિબેન ચૌધરી દ્વારા કરવામાં આવેલ હતી.











ગાંધીજી સ્મૃતિ ક્વીઝ સ્પર્ધા

સંસ્થા દ્વારા તારીખ:02/10/2022 થી07/10/2022 સુધી ગાંધી જયંતિ કાર્યક્રમ અંતર્ગત "ગાંધીજી સ્મૃતિ ક્વીઝ સ્પર્ધા " ઓનલાઈન માધ્યમ દ્વરા આયોજિત કરવામાં આવી હતી. ગુજરાતની વિવિધ યુનિવર્સિટી સાથે સંકળાયેલ સ્નાતક અને અનુસ્નાતક વિભાગના ના કુલ 434 પ્રાધ્યાપકો આ ક્વિઝમાં તથા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેઓને પ્રમાણપત્ર ઈમેલ દ્વારા મોકલવામાં આવ્યા હતા. આ ક્વિઝનું આયોજન કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લના માર્ગદર્શન હેઠળ સંસ્થાના ગ્રંથપાલ શ્રી રાકેશભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.આ ક્વિઝમાં ભાગ લેનાર સૌને કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ તથા અધ્યાપકશ્રીઓએ અભિનંદન પાઠવ્યા છે.

સરદાર વલ્લભભાઈ પટેલ સ્મૃતિ ક્વિઝ

સંસ્થા દ્વારા તારીખ:31/10/2022 ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ સ્મૃતિ ક્વિઝ નું આયોજન કરવામાં આવ્યું હતું.આ ક્વિઝમાં ગુજરાતની વિવિધ યુનિવર્સિટી સાથે સંકળાયેલ સ્નાતક અને અનુસ્નાતક વિભાગના પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેઓને પ્રમાણપત્ર ઈમેલ દ્વારા મોકલવામાં આવ્યા હતા. આ ક્વિઝનું આયોજન કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લના માર્ગદર્શન હેઠળ સંસ્થાના ગ્રંથપાલ શ્રી રાકેશભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.જેમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.


ઇનોવેશન ક્લબ પ્રબોધ તાલીમ

સંસ્થા દ્વારા તારીખ: 15/11/2022 મંગળવાર થી 18/11/2022 શુક્રવાર સુધી ઇનોવેશન ક્લબ પ્રબોધ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ટ્રેનર તરીકે જીનલબેન પાટણવાડીયાએ ઉપસ્થિત રહી ડી.આઇ.વાય કીટની તાલીમ આપી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, ઇનોવેશન ક્લબ કોઓર્ડીનેટર ડૉ.શ્વેતાબેન ચૌહાણ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.














મતદાર જાગૃતિ કાર્યક્રમ

સંસ્થા દ્વારા તારીખ :18/11/2022,શુક્રવારના રોજ કલેકટર કચેરી,આણંદના ઉપક્રમે અવસર લોકશાહીનો અંતર્ગત મતદાર જાગૃતિ અનુસંધાને સંકલ્પ પત્ર ભરાવી અને મૌખિક સંકલ્પ લેવડાવી તાલીમાર્થીઓને જાગૃત કર્યા હતા જેમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, આણંદ ડાયેટના અધ્યાપિકા મીરાબેન તેમજ પેટલાદ પ્રાથમિક સ્કૂલના શિક્ષિકા યોગીતાબેન પ્રજાપતિએ આ કાર્યમાં સહયોગી બની કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.ઉપરાંત ભારતીય ચૂંટણી પંચ ની કેટલીક મતદારો માટેની સેવાઓનું મૌખિક માર્ગદર્શન પણ આપેલ હતું.આ કાર્યક્રમમાં સંસ્થાના અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.








## ગીતા જયંતીની ઉજવણી

સંસ્થા દ્વારા તારીખ:26/11/2022 ને શનિવારના રોજ ગીતા જયંતી ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમની શરૂઆત શ્લોક તથા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુકલએ પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું.અધ્યાપક શ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ બહેનો ગીતાજીના શ્લોક રજૂ કર્યા અને તેમના આપણા જીવનમાં મહત્વ અંગે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુકલ, અધ્યાપકશ્રી ઓ તથા પ્રશિક્ષણાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શૈક્ષણિક પ્રવાસ

સંસ્થા દ્વારા તારીખ:02/01/2023,સોમવાર થી 05/01/2023,બુધવાર સુધી દ્વારકા, સોમનાથ, જુનાગઢ અને દીવના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુકલ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

## કોલેજનું ગૌરવ

પેટલાદમાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે તારીખ:૧૨/૦૧/૨૩ ને ગુરુવારના રોજ સવારે ૭-૦૦ કલાકે યોજાયેલ "યંગ ઈન્ડિયા રન-મેરેથોન ૨૦૨૩"મા કોલેજના યુવાઓ સામેલ થયા. જેમા બહેનોના વિભાગમા દ્વિતીય સ્થાન પર નયનાબેન રાઠવા અને તૃતીય સ્થાન પર શીતલબેન એન. બારીયા વિજેતા થયા હતા. સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ તથા અધ્યાપકોએ વિજેતા તાલીમાર્થીઓને અભિનંદન પાઠવી ભાગ લેનાર તાલીમાર્થીઓ તેમજ નંબર મેળવનાર તાલીમાર્થીઓને બિરદાવ્યા હતા.



## પતંગોત્સવ કાર્યક્રમ

સંસ્થા દ્વારા તારીખ: 13/01/2023 ને શુક્રવારના રોજ પતંગોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કાર્યકારી આચાર્યશ્રી ડો. નયનાબેન શુક્લા, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.કાર્યક્રમના અંતે અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું.



શીઘ્ર વકૃત્વ સ્પર્ધા

સંસ્થામાં તારીખ:24/01/2023ને મંગળવારના રોજ શ્રીમતી બી.સી.જે. કોલેજ ઓફ એજ્યુકેશન(એમ.એડ.) ખંભાતના તાલીમાર્થીઓ દ્વારા શીઘ્ર વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સંસ્થાના અધ્યાપિકા ડૉ.શ્વેતાબેન ચૌહાણ તથા એમ.એડ.ના તાલીમાર્થી નવનીત તળપદા ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પ્રથમ નંબરે પઠાણ ઈરફાન રહીમખાનભાઈ, દ્વિતીય નંબરે મેકવાન રોનીલ પ્રકાશભાઈ અને તૃતીય નંબરે આખોલકર જ્વલંત ગોવિંદભાઈ આવ્યા હતા.સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ અને પ્રશિક્ષણાર્થીઓએ વિજેતા ભાઈ બહેનોને શુભેચ્છાઓ પાઠવી હતી.




રંગોળી સ્પર્ધા

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશનમાં તારીખ:25/01/2023ને બુધવારના રોજ શ્રીમતી બી.સી.જે. કોલેજ ઓફ એજ્યુકેશન(એમ.એડ.)ખંભાતના તાલીમાર્થીઓ દ્વારા રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે સંસ્થાના અધ્યાપકશ્રી ડૉ.કામેંદ્ર ઠાકર, ડૉ.રોશનીબેન દેસાઈ અને એમ.એડ.ના તાલીમાર્થી યોગેશ તળપદા ઉપસ્થિત રહ્યા હતા.આ સ્પર્ધામાં પ્રથમ નંબરે વાઘેલા શ્રદ્ધા એ.અને સુથાર રોમિતા કે., દ્વિતીય નંબરે પરમાર રીયા વી.અને ભૂરા વિશાલ જી.,તૃતીય નંબરે તળપદા કુલદીપ આર. અને મલેક સાહિલ જી. આવ્યા હતા. સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ અને પ્રશિક્ષણાર્થીઓએ વિજેતા ભાઈ બહેનોને શુભેચ્છાઓ પાઠવી હતી.




## 26 મી જાન્યુઆરીની ઉજવણી

સંસ્થામાં તારીખ: 26/01/2023ને ગુરુવારના રોજ સંસ્થા પરિવારના અગ્રણીઓની ઉપસ્થિતમાં 74માં પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે સવારે 8:30 કલાકે કોલેજ ગ્રાઉન્ડ પેટલાદ ખાતે શ્રી આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,પેટલાદના શ્રી દિનેશભાઈ એન.પંચાલ (ગેસ મિકેનિક,રસાયણ શાસ્ત્ર વિભાગ)ના વરદ હસ્તે ધ્વજવંદન કાર્યકમ કરવામાં આવ્યો હતો . આ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ , અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.






## દેશભક્તિ ગીત સ્પર્ધા



સંસ્થામાં તારીખ:27/01/2023ને શુક્રવારના રોજ શ્રીમતી બી.સી.જે. કોલેજ ઓફ એજ્યુકેશન(એમ.એડ.) ખંભાતના તાલીમાર્થીઓ દ્વારા  દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સંસ્થાના અધ્યાપકશ્રી ડૉ.કામેંદ્રુ ઠાકર, ડૉ.દીપિકાબેન ચૌધરી અને એમ.એડ.ના તાલીમાર્થી નીલમબેન વણકર ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પ્રથમ નંબરે જીનલબેન પરમાર, દ્વિતીય નંબરે રોનિલભાઈ પરમાર તથા તૃતીય નંબરે અમીષાબેન ગોહિલ આવ્યા હતા.સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ ,  અધ્યાપકશ્રીઓ અને પ્રશિક્ષણાર્થીઓએ  વિજેતા ભાઈ બહેનોને શુભેચ્છાઓ પાઠવી હતી.





## શુભેચ્છા મુલાકાત

સંસ્થામાં તારીખ:27/01/2023ને શુક્રવારના રોજ શ્રીમતી બી.સી.જે. કોલેજ ઓફ એજ્યુકેશન(એમ.એડ.) ખંભાતના વિભાગીય અધ્યક્ષ ડૉ.દીપ્તિબેન ત્રિવેદી તથા અધ્યાપકશ્રીઓએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લને ડૉ.દિપ્તીબેન ત્રિવેદી સંપાદિત તથા તેમના પિતાશ્રી પ્રોફેસર એન.એચ. તરવાડી સાહેબ લિખીત પુસ્તક પંચામૃત તથા સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી હતી. સંસ્થાના કાર્યકરી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ તથા અધ્યાપકશ્રીઓએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઇનોવેશન ક્લબ-પ્રવૃત્તિ

સંસ્થામાં તારીખ:28/01/2023ને શનિવારના રોજ ઇનોવેશન ક્લબ અંતર્ગત બી.**એડ્**.ના પ્રશિક્ષણાર્થી ભાઈઓ બહેનો દ્વારા મિકેનિકલ કીટનો ઉપયોગ કરી વર્ગખંડમાં બેન્ચીસ, ખુરશી તથા નોટીસ બોર્ડનું રીપેરીંગ કરી તેને પુન: ઉપયોગમાં લેવામાં આવ્યા હતા. સંસ્થામાં તારીખ: 30/01/2023 ને સોમવારના રોજ મિકેનિકલ કીટ અંગે ક્વિઝનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ તથા ઇનોવેશન ક્લબ કો-ઓર્ડીનેટર ડૉ.શ્વેતાબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતુ.









## સંસ્કૃતિક કાર્યક્રમ

સંસ્થામાં તારીખ:31/01/2023ને મંગળવારના રોજ શ્રીમતી બી.સી.જે. કોલેજ ઓફ એજ્યુકેશન(એમ.એડ.) ખંભાતના તાલીમાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત પ્રશિક્ષણાર્થી પ્રજાપતિ ધરતીબેન તથા પરમાર રિયાબેન દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી તથા એમ.એડ.ના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા સૌ અધ્યાપકશ્રી ઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.આ કાર્યક્રમમાં પ્રશિક્ષણાર્થી ભાઈઓ બહેનોએ પોતાની કૃતિ રજૂ કરી હતી. પ્રશિક્ષણાર્થી પ્રજાપતિ ધ્રુવીબેને સ્વાગત ગીત રજૂ કર્યું,ગોહિલ જયદીપભાઇ અને તેમની ટીમે અંધશ્રદ્ધા વિષય પર નાટક રજૂ કર્યું હતું, ઠાકોર પ્રકાશભાઈ અને તેમની ટીમે અનિતી દુર કરવા અંગે નાટક રજૂ કર્યું હતું,પરમાર જયેશભાઈએ સ્વ રચિત લોકગીત રજૂ કર્યું, મેકવાન રોનીલે માતૃત્વ રજૂ કરતું ગીત ગાયું હતું. એમ.એડ.ના તાલીમાર્થીઓના ઇન્ટર્નશિપ કાર્યક્રમ અંગે પ્રશિક્ષણાર્થી સુથાર તપન અને ગોસાઈ

હેતલબેને પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એમ.એડ.ના તાલીમાર્થી વાઘેલા પાયલબેન દ્વારા કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.





G 20 અંતર્ગત કાર્યક્રમ

સંસ્થામાં તારીખ:31/01/2023ને મંગળવારના રોજ G 20ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં પ્રશિક્ષણાર્થી ભાઈઓ બહેનોએ સામાજિક જાગૃતતા રજૂ કરતી કૃતિઓ રજૂ કરી હતી. પ્રશિક્ષણાર્થી ગોહિલ જયદીપભાઇ અને તેમની ટીમે અંધશ્રદ્ધા વિષય અને ઠાકોર પ્રકાશભાઈ અને તેમની ટીમે અનીતિ દૂર કરવા અંગે નાટક રજૂ કર્યું હતુ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ તથા કો-ઓર્ડીનેટર ડૉ. રોશનીબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતુ.આ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.








ઇનોવેશન ક્લબ-પ્રવૃત્તિ

સંસ્થામાં તારીખ:09/02/2023ને ગુરૂવારના રોજ ઇનોવેશન ક્લબ અંતર્ગત બી.**એડ્**.ના પ્રશિક્ષણાર્થી ભાઈઓ બહેનો દ્વારા બેઝિક ઇલેક્ટ્રોનિક્સ કીટનો ઉપયોગ કરી સંસ્થામાં CCTV કેમેરાનું રીપેરીંગ કરી તેને પુન:ઉપયોગમાં લેવામાં આવ્યા હતા. સંસ્થામાં તારીખ: 10/02/2023ને શુક્રવારના રોજ બેઝિક ઇલેક્ટ્રોનિક્સ કીટ અંગે ક્વિઝનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ તથા ઇનોવેશન ક્લબ કો-ઓર્ડીનેટર ડૉ.શ્વેતાબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતુ.











વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત-પ્રવૃત્તિ

સંસ્થામાં તારીખ:11/02/2023ને શનિવારના રોજ વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત વુમન વિંગ રાજકોટ ચેપ્ટર,આઇ.એસ.ટી.ડી. દ્વારા આયોજિત ઓનલાઇન પોલીસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમ એન્ડ ઇટ્સ મેન્ટલ એન્ડ ફિઝિકલ ઈમ્પેક્ટ વિષય પર આયોજિત પેનલ ડિસ્કશન કાર્યક્રમમાં સૌ તાલિમાર્થી બહેનોએ ભાગ લીધો. આ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, વુમન ડેવલપમેન્ટ સેલ કો-ઓર્ડીનેટર ડૉ.શ્વેતાબેન ચૌહાણ, અધ્યાપિકા બહેનો તથા પ્રશિક્ષણાર્થી બહેનો જોડાયા.








માનસિક સ્વાસ્થ્ય જનજાગૃતિ કાર્યક્રમ

સંસ્થામાં તારીખ:14/02/2023ને મંગળવારના રોજ એસ.એસ. હોસ્પિટલ પેટલાદ અને નવજ્યોત ફાઉન્ડેશન અમદાવાદના સંયુક્ત ઉપક્રમે માનસિક સ્વાસ્થ્ય જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં પેટલાદ સિવિલ હોસ્પિટલમાંથી ક્લિનિકલ સાયકોલોજીસ્ટ શ્રી નિખિલભાઇ કંસારા, નવજ્યોત ફાઉન્ડેશન અમદાવાદના દેવાંશીબેન પ્રજાપતિ અને અંજનાબેન માહોર તથા સોશિયલ વર્કર હિરેનભાઈ પાટીલ ઉપસ્થિત રહ્યા હતા.નિખિલભાઇ તથા તેમની ટીમે પ્રશિક્ષણાર્થીઓને માનસિક સ્વાસ્થ્ય અને તેના નિદાન - ઉચ્ચાર અંગે યોગ્ય માર્ગદર્શન આપ્યું. આ કાર્યક્રમનું સંચાલન ડૉ.શ્વેતાબેન ચૌહાણે અને આભાર વિધિ ડૉ.કામુભાઈ ઠાકરે કરી હતી.આ કાર્યક્રમમાં કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુકલ,અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



મૌન રેલી

સંસ્થા દ્વારા તારીખ:14/02/2023ને મંગળવારના રોજ પુલવા હુમલામાં શહીદ થયેલ જવાનોના શ્રધ્ધાજલિ આપવાના હેતુ સર મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે 3:15 કલાકે નીકળેલી આ રેલી કોલેજ કેમ્પસમાંથી નીકળી એપીએમસી,લક્ષ્મીજી મંદિર,રણછોડજી મંદિરથી પરત થઈ કોલેજ ચોકડી મૌનરેલીનુ સમાપન કરવામાં આવ્યું હતુ.આ રેલીમાં સંસ્થાના કાર્યકરી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ અને સૌ પ્રશિક્ષણાર્થીઓ જોડાયા હતા.








વિવિધ દિવસોની ઉજવણી

સંસ્થા દ્વારા તારીખ:14/02/23 ને મંગળવારથી તારીખ:23/02/23ને ગુરુવાર સુધી વિવિધ દિવસોની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. સંસ્થામાં બ્લેક ડે, ટિફિન ડે, મુવી ડે, ટ્રેડિશનલ ડે,કેપ ડે,ગ્રુપ ડે, મિસ મેચ ડે,બોલીવુડ ડે જેવા દિવસોની ઉજવણી કરવામાં આવી.આ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.





TLM વર્કશોપ

સંસ્થા દ્વારા તારીખ:25/02/23ને શનીવારના રોજ TLM વર્કશોપનું આયોજન આયોજન કરવામાં આવ્યું. આ વર્કશોપમાં તજજ્ઞ તરીકે શિક્ષિકાબહેન શ્રીમતી નિકિતાબેન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં નિકિતા બહેને વેસ્ટ વસ્તુઓનો ઉપયોગ કરી બેસ્ટ TLM વિષય અનુરૂપ કેવી રીતે

બનાવી શકાય તેનું વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. વિદ્યાર્થીઓએ તેમના માર્ગદર્શન હેઠળ TLM બનાવ્યા. આ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ , અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.






રમત ગમત મહોત્સવ

સંસ્થા દ્વારા તારીખ: 27/02/2023 ને સોમવારના રોજ રમત ગમત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ રમતો સાથે બહેનો અને ભાઈઓ માટે ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું.આ રમત ગમત મહોત્સવમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ ,અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.





## G 20 કાર્યક્રમ

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, શ્રીમતી એસ આઇ પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ કોમર્સ તથા નેહરુ યુવા કેન્દ્ર, આણંદના સંયુક્ત ઉપક્રમે તારીખ:06/03/2023ને સોમવારના રોજ G 20  અંતર્ગત  જિલ્લા સ્તરીય યુવા સાંસદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય હતો G 20 ,Y 20. આ કાર્યક્રમમાં  વિદ્યાર્થી ભાઈઓ બહેનોએ વિષય અનુરૂપ ચર્ચા કરી  ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં આણંદ સાંસદ સભ્ય માનનીય મિતેશભાઇ પટેલ,કોમર્સ કોલેજના આચાર્ય શ્રી ડૉ.રાજેશભાઈ મોદી, બી.એડ કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. નયનાબેન શુકલ, અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થી ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.





## કોલાજ સ્પર્ધા

સંસ્થા દ્વારા તારીખ:16/03/2023 ને ગુરુવારના રોજ કોલાજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે સંસ્થાના અધ્યાપકશ્રી ડૉ.કામેંદુ ઠાકર ઉપસ્થિત રહ્યા હતા.આ સ્પર્ધામાં પ્રથમ નંબરે ભૂરા વિશાલ, દ્વિતીય નંબરે ઠાકોર પ્રકાશ,તૃતીય નંબરે મલેક સાહિલ આવ્યા હતા. સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ અને પ્રશિક્ષણાર્થીઓએ  વિજેતા ભાઈ બહેનોને શુભેચ્છાઓ પાઠવી હતી.






સંસ્થા મુલાકાત

સંસ્થા દ્વારા તારીખ:17/03/૨023ને શુક્રવારના રોજ પેટલાદ નગરના ગૌરવસમા શ્રી નારાયણ સંસ્કૃત પાઠશાળાની મુલાકાત કરવામાં આવી હતી. આ સંસ્થા દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓથી સૌ માહિતગાર થયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ અને ડૉ.કામેન્દુ આર.ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું.






વિશ્વ ચકલી દિવસ નિમિત્તે વ્યાખ્યાન

સંસ્થા દ્વારા તારીખ: 20/03/2023ને સોમવારના રોજ વિશ્વ ચકલી દિવસ અને વિશ્વ વન દિવસ નિમિત્તે તજજ્ઞ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે શ્રી નરેન્દ્રભાઈ ફળદુ સાહેબ,ભાયાવદરથી ઓનલાઇન માધ્યમથી જોડાઈને પર્યાવરણ સંરક્ષણ અને ચકલી બચાવો અભિયાન અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા અને તેઓ દ્વારા સંસ્થાને 25 ચકલીના માળા મોકલવામાં આવ્યા હતા તેમજ પક્ષીઓ માટે પાણીના કુંડા તાલીમાર્થીઓ દ્વારા સંસ્થામાં વિવિધ

જગ્યાએ મૂકવામાં આવ્યા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.શ્વેતાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં  કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુકલ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.










આંતર કોલેજ  લઘુનાટક સ્પર્ધા

સંસ્થા દ્વારા તારીખ: ૨૮/૩/૨૩ને મંગળવારના રોજ "આઝાદીકા અમૃતમહોત્સવ" (KCG) યોજના અંતર્ગત આણંદ જીલ્લાની  IITE સંલગ્ન એજ્યુકેશન કોલેજોની આંતર કોલેજ  લઘુનાટક સ્પર્ધાનું આયોજન પેટલાદ નગરના રોટરી હોલમાં કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે શ્રી જીતુભાઇ  પંડ્યા(ગુજરાતી અભિનેતા) તથા નિર્ણાયકશ્રીઓ શ્રી નટુભાઈ સોલંકી ઉર્ફે વિક્રમ ઠાકોર (ગુજરાતી ફિલ્મ આર્ટિસ્ટ) અને શ્રી અનિલભાઈ ચાવડા(નાટ્ય કલાકાર) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. મહેમાનશ્રીનું શાબ્દિક સ્વાગત સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું. મહેમાનશ્રીઓનો પરિચય ડૉ.

રોશનીબેન દેસાઈ દ્વારા આપવામાં આવ્યો હતો. તથા પુષ્પગુચ્છથી સ્વાગત કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ , ડૉ.પી.ડી. શાહ તથા ડૉ. મયંકભાઇ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ નંબરે એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન , આણંદ, દ્વિતીય નંબરે આણંદ એજ્યુકેશન કોલેજ,આણંદ અને તૃતીય નંબરે શ્રીમતી બી.સી.જે કોલેજ ઓફ એજ્યુકેશન , ખંભાતના તાલીમાર્થીઓ દ્વારા રજૂ કરાયેલ લઘુનાટક ને વિજેતા જાહેર કરાયેલ હતા. સ્પર્ધામાં રજૂ થયેલા તમામ લઘુનાટકોમાં ભાગ લીધેલ બધાજ કલાકારોમાંથી શ્રી ભરતભાઈ રાઉલજીને ભાઈઓ માં અને કુ. ધરતીબેન પ્રજાપતિને બહેનોમાં વ્યક્તિગત રીતે શ્રેષ્ઠ અભિનય કરનાર કલાકાર તરીકે પસંદ કર્યા હતા. ત્યારબાદ મહેમાનશ્રીઓને સંસ્થા દ્વારા સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી. કાર્યક્રમના અંતે આભાર દર્શન ડૉ.કામેન્દુભાઈ ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોઓર્ડીનેટર ડૉ.કામેન્દુ આર.ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ.દીપિકાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ તથા સૌ પ્રશિક્ષણાર્થી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.










## ચિત્ર સ્પર્ધા

સંસ્થા દ્વારા તારીખ: 29/03/2023ને બુધવારના રોજ "આઝાદી કા અમૃત મહોત્સવ"(KCG) પંચપ્રકલ્પ યોજના અંતર્ગત  પેટલાદ શહેરની શાળાઓના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી  મયુરભાઈ પારેખ તથા શ્રી પ્રકાશભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. મહેમાનઓશ્રીનું શાબ્દિક સ્વાગત સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું. મહેમાનશ્રીઓનો પરિચય ડૉ.શ્વેતાબેન ચૌહાણ દ્વારા આપવામાં આવ્યો હતો. મહેમાનશ્રીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત  ચેતનભાઇ શાહ તથા નિધિબેન વૈધ  દ્વારા કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં પ્રથમ નંબરે  સુથાર ઉર્વશીબેન એસ.   , ન્યુ એજ્યુકેશન બોયઝ હાઇસ્કુલ , દ્વિતીય નંબરે પટેલ નંદીનીબેન,ન્યુ એજ્યુકેશન ગર્લ્સ હાઇસ્કુલ અને તૃતીય નંબરે  રાજપુત સપના પી. એન.કે.હાઇસ્કુલ આવ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને શીલ્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા  અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. મહેમાનશ્રીઓને સંસ્થા દ્વારા સ્મૃતિ પ્રતીક  ડૉ. નયનાબેન શુક્લા તથા ડૉ. મયંકભાઈ પટેલ દ્વારા અર્પણ કરવામાં આવી. કાર્યક્રમના અંતે આભાર દર્શન ડૉ. ડૉ.કામેન્દ્રભાઈ ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું.આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોઓર્ડીનેટર ડૉ.કામેન્દ્ર આર.ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું.આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રશિક્ષણાર્થી તૃપ્તિબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.








ફર્સ્ટ એડ તાલીમ

કરમસદ મેડિકલ કોલેજમાં તારીખ: 02/03/2023ને રવિવારના રોજ ફર્સ્ટ  એડ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ તથા તાલીમાર્થીઓ જોડાયા હતા.





## બી.એડ્. કોલેજનું ગૌરવ

શ્રી આર.પી.અનડા કોલેજ ઓફ એજ્યુકેશન ,બોરસદમાં આયોજિત આણંદ જિલ્લાની **બી.એડ્**.કોલેજોની વાર્તા લેખન સ્પર્ધામાં શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશનના જયેશ વિઠ્ઠલભાઈ પરમાર તૃતીય સ્થા ને વિજેતા થયા હતા. કોલેજ માં તારીખ:04/04/૨૩ ના રોજ વાર્ષિકોત્સવ અને ઇનામ વિતરણ કાર્યક્રમ માં આઇ.આઇ.ટી.ઇના માનનીય કુલપતિશ્રી ડૉ .હર્ષદભાઈ પટેલ સાહેબના વરદ હસ્તે તેઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ તથા અધ્યાપકશ્રીઓએ વિજેતા ભાઈને અભિનંદન પાઠવ્યા હતા.



## Y 20 ગુજરાત સંવાદ કાર્યક્રમ

પેટલાદ નગરમાં Y 20 ગુજરાત સંવાદ કાર્યક્રમનું તારીખ: 09/05/2023 ને મંગળવારના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશનના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ સાથેના પ્રસંગોચિત સંવાદમાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં નગરના અગ્રગણ્ય મહાનુભાવો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.


G20
Y20
ગુજરાત યુવા સંવાદ

---